શ્રી સુરતી સુન્ની વહોરા મુસ્લિમ એજ્યુકેશન સોસાયટી, સુરતનું મુખપત્ર

# વહોરા સમાચાર

## ગઝલ

### ક્યારેક બને

ભીંત સૌ ભાંગી પડે, એવુંયે ક્યારેક બને
એ સ્વયં આવી મળે, એવુંયે ક્યારેક બને

સાવ નિર્જન ને નીરવ વેળ એ બેઠાં હો અને
આયનો વાત કરે, એવુંયે ક્યારેક બનો

એની શેરીમાં અગર કંઠ સુકાવા લાગે
ને ઘટા વરસી પડે, એવુંયે ક્યારેક બને

થાકમાં ચૂર થવા જોઇ તમોને, હોંશે
ઢોલીયો પોતે ઢલે, એવુંયે ક્યારેક બને

હોય સૂમસામ અને સાવ હવેલી ખાલી
એવે એક દીવો બળે, એવુંયે ક્યારેક બને

એક પંખીને પકડવાની મથામણ હો, મગર
માત્ર એક ટૌકો મળે, એવુંયે ક્યારેક બને

ક્યાંયે દેખાય નહીં જ્યારે દીવાનો દીપક
એની આંખોમાં મળે, એવુંયે ક્યારેક બને

પ્રેષક:- જ. અહમદ ઇસ્માઇલ વાવડા સા., લંડન - યુ.કે.

જમાદિલ આખર ૧૪૪૭ ડિસેમ્બર - ૨૦૨૫ તંત્રી: મસ્ત મંગેરા

www.ssvmes.org www.vohratimes.org
vohrasociety@gmail.com
vohrasamachar@gmail.com vohrasamachar@yahoo.com

## જઝાકુમુલ્લાહ

- મદીના મસ્જીદ ટ્રસ્ટ, કલેપ્ટન - યુ.કે. તરફથી રૂા. ૪૭,૬૦૦/- સોસાયટીના બેવાફંડમાં (ઝકાત) જ. સુલેમાનભાઇ પટેલ સા. હસ્તે મળ્યા છે.
- કે.પી. હુમન ડેવલોપમેન્ટ ફાઉન્ડેશન સુરત તરફથી રૂા.૪૦,૦૦૦/- સોસાયટીના સદકાફંડમાં મળ્યા છે.
- જ. ઇમ્તિયાઝ એમ. મુલ્લા સા. હથુરણ તરફથી રૂા.૩,૦૦૦/- સોસાયટીના ઝકાતફંડમાં મળ્યા છે.
- જ. હાફેજ મોહંમદ પટેલ સા. કેનેડા તરફથી રૂા.૨,૦૦૦/- સોસાયટીના ઝકાતફંડમાં જ. યુસુફભાઇ મોતાલા સા. હસ્તે મળ્યા છે.

**અલ્લાહપાક એમની આ નેક ખૈરાતોને કબૂલ ફરમાવી એનો બહેતરીન બદલો બન્ને જહાંનમાં અતા ફરમાવે. આમીન.**

## વહોરા સોસાયટી દ્વારા એક ઝુંબેશ

આપણી વહોરા સોસાયટી દ્વારા આપણા સમાજના ૧૬૨ ગામોમાં એક ઝુંબેશ શરૂ કરી રહયા છીએ કે આપણા ગામોમાં/ કસ્બાઓમાં વસ્તી તમામ બેવાહબહેનો તથા ગરીબ અને મધ્યમવર્ગના લોકોને ગર્વમેન્ટ તરફથી મળતી તમામ સહાયો માટે જેમ કે બેવાહબહેનોને મળતી માસીક સહાય, આયુષ્માન કાર્ડ, એજયુકેશન સહાય તથા સિનિયર સીટીજનોને મળતા લાભો વિશે ઘણા લોકો અજાણ છે તેમને જાગૃત કરવા માટે આપણી સોસાયટીના તમામ કમિટી મેમ્બર સાહેબો, પ્રતિનિધી સાહેબો, મસ્જીદોના મુતવલ્લી સાહેબોને વિનંતી કરીએ છીએ કે પોતાના ગામની બેવાહબહેનો, ગરીબ મધ્યમવર્ગના લોકો તથા સિનિયર સીટીજનોને ઘરે ઘરે જઇ આ યોજનાવિશે જાણકારી આપે અને એમને આવકના દાખલા,આધાર કાર્ડ, પાનકાર્ડ,બેંક એકાઉન્ટ વિશે સહાયરૂપ થઇ ઉપરની તમામ ગર્વમેન્ટમાંથી મળતી યોજનાઓમાં ફોર્મ ભરાવી સહાયરૂપ થવા નમ્ર વિનંતી છે.

## આપણા સમાજનું ગૌરવ

**BBA**



વાંકાનેર ગામના વતની **સનાબીબી નાસીર માંકડા** એ વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સીટી, સુરત દ્વારા લેવાયેલ **BACHELOR OF BUSINESS ADMINISTRATION** ની પરીક્ષા વિદ્યાભારતી ટ્રસ્ટ કોલેજ, ઉમરાખ-બારડોલી માંથી ફર્સ્ટ કલાસ ડીસ્ટીંકશન સાથે પાસ કરી ગામ તેમજ આપણા સમાજનું નામ રોશન કર્યુ છે. **તે બદલ મુબારકબાદ.**

**BCA**



આપણી સોસાયટીના સ્કોલર **સુરતના** વતની **ફુઝૈલ હારૂન લોખાત** એ વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સીટી, સુરત દ્વારા લેવાયેલ **BACHELOR OF COMPUTER APPLICATIONTION** ની પરીક્ષા શ્રીમતી ઉષાબેન જયવર્ધન બોડાવાલા કોલેજ, વેસુ- સુરતમાંથી ફર્સ્ટ કલાસમાં પાસ કરી ગામ તેમજ આપણા સમાજનું નામ રોશન કર્યુ છે. **તે બદલ મુબારકબાદ.**

## જોઇએ છે

- ધી સુરતી સુન્ની વહોરા મુસ્લિમ એજયુકેશન સોસાયટી, સુરત ની ઓફીસ માટે પટાવાળાની જરૂર છે. ઇચ્છા ધરાવનાર વ્યકિતએ દિન ૧૦ માં નીચે આપેલ સરનામા ઉપર અરજી કરવી.
- આપણી એ.ઇ.ગંગાત હોસ્ટેલ, કોંઢ માટે મોલસાબ તથા વોચમેનની જરૂર છે. ઇચ્છા ધરાવનાર વ્યકિતએ દિન ૧૦ માં નીચે આપેલ સરનામા ઉપર અરજી કરવી.

: સરનામું :

પ્રમુખ / સેક્રેટરી

ધી સુરતી સુન્ની વહોરા મુસ્લિમ એજયુકેશન સોસાયટી, સુફીબાગ,રેલ્વે સ્ટેશન સામે,સુરત - ૩૯૫૦૦૩

## વહોરા સમાચાર

■ **હદીષ**

● જો ફૈસલા મેરા રબ કરતા હૈ અર્શ સે ફર્શ તક વહી બેહતરીન હોતા હૈ.

● જીંદગી મેં દૌલત નહીં નમાઝ જરૂરી હૈ

ક્યોંકી

જબ અલ્લાહ નારાજ હોતા હૈ તો દૌલત નહીં સજદો કી તૌફીક છીન લેતા હૈ.


**અંક : ૧૨**

**માસ : ડીસેમ્બર - ૨૦૨૫**

**માહે : જમાદિલ આખર ૧૪૪૭**

**તંત્રી : મસ્ત મંગેરા**


■ **સુવિચાર**

● અંધારાથી ડરશો નહીં, તારાઓ અંધારામાં જ ચમકતા હોય છે.

● જિંદગી છે દોસ્ત ધાર્યા મુજબ કદી જીવાતી નથી, ભલે ઉછળતો હોય સિક્કો પરંતુ તેની બંને બાજુ મંગાતી

■ **તંત્રી સ્થાનેથી...!**

**આજે ભારતમાં મુસ્લિમ સમાજની હાલત રાજકીય પ્રતિનિધિત્વ ઓછું**

- લોકસભા અને રાજયસભામાં મુસ્લિમ સાંસદોની સંખ્યા ખૂબ ઓછી.
- ઘણા રાજયના વિધાનસભાઓમાં તો એકેય મુસ્લિમ પ્રતિનિધિ નથી.
- પરિણામે, મુસ્લિમ સમાજના મુદ્દાઓ, વિકાસ યોજનાઓ, સ્કિમ્સ કે હકકો માટે કોઇ અવાજ ઊઠાવતો જ નથી.
- જયાં સુધી ભણશો નહીં, ત્યાં સુધી શિક્ષણ નહીં આવે... અને જયાં સુધી શિક્ષણ નહીં આવે, ત્યાં સુધી...
- હવે પણ સમય છે - ભણો, સર્જો, આગળ વધો !
- શિક્ષણ એ ભવિષ્ય માટેનું ઢાલ છે - જે આજે આપશો, એ કાલે તેમને બચાવશે !
- આજથી જ પગલું ભરો - તમારા માટે નહિં તો તમારા સંતાનોના ભવિષ્ય માટે !
- જાગો નહીં તો પાછળ રહી જશો...ભણો નહીં તો હંમેશા દબાઇ જશો !
- શિક્ષણ એ આપણું સૌથી શકિતશાળી શસ્ત્ર છે, જે દ્વારા આપણે દુનિયાને બદલાવી શકીએ છીએ !
- અંતિમ સંદેશ
- સમય આવ્યો છે હવે બદલાવ લાવવાનો - તમારા ગામથી, તમારા ઘરથી, તમારા પ્રયાસોથી.
- આપડે પાછળ નથી, બસ અટકી ગયા છીએ...

પ્રેષક - અ.રહેમાન પટેલ - બાટલી, યુ.કે.

- મસ્ત મંગેરા (કાંગવઇ)


E-mail : mastamangerakangwai@yahoo.com
Mob : 9426771991



તંત્રી,મુદ્રક અને પ્રકાશક :- અહમદ ઈબ્રાહીમ મંગેરા ('મસ્ત' મંગેરા) મુદ્રણ સ્થાન:- નટરાજ પ્રિન્ટર્સ,ઈન્દરપુરા આંબાવાડી,સુરત
પ્રકાશન:- વહોરા સમાચાર,કાર્યાલય સ્થળ :- સુફીબાગ,રેલ્વે સ્ટેશન સામે,સુરત- ૩૯૫ ૦૦૩ માલિક :-ધી સુ.સુ.વ.મુ.એ.સોસાયટી-સુરત.

## નેકી, તારાં નવલખ રૂપ

- મુસાજી દીપક બારડોલીકર

આ કથાનકમાં બોધપાઠ એવો છે કે આવી પડેલી આફત પ્રસંગે માણસે ધીરજપૂર્વક સ્વસ્થતા જાળવવી જોઇએ, ગભરાવું જોઇએ નહીં અને કથાનકમાંના ચતુર સસલાની માફક બુદ્ધિનો ઉપયોગ કરીને હિંમતપૂર્વક આફતના સકંજામાંથી ઊગારવાના પ્રયાસો કરવા જોઇએ. અગર માણસ આમ કરે તો તે આફતનો કોળિયો થતો અવશ્ય બચી શકે છે.

ભાષાઓની જાણકારીનું માનવજીવનમાં ઘણું મહત્ત્વ છે. આ મહત્ત્વ દર્શાવતું એક કથાનક આ પ્રકારનું છે: એક વાર એક પ્રવાસમાં ચાર માણસો ભેગા થઇ ગયા. તેમાંનો એક અરબ હતો, બીજો ઇરાની, ત્રીજો તુર્ક અને ચોથો રૂમી. કોઇકે તેમને એક ચલણી સિક્કો આપ્યો. ઇરાનીએ ફારસીમાં કહ્યું, ચાલો, આની અંગૂર ખરીદીએ!

અને પછી અરબ, તુર્ક અને રૂમીએ પોતપોતાની ભાષામાં આ ખરીદો, તે ખરીદોનું બુમરાણ મચાવ્યું. એ ચારે જણ એકબીજાની ભાષાથી અજ્ઞાન હતા અને એથી કશું સમજ્યા વિના તેઓ પરસ્પર લડવા લાગ્યા! મૌલાના રૂમી કહે છે કે અગર અહીં કોઇક ભાષાવિદ હોત તો તેમની સામે અંગૂર લાવીને મૂકી દેત! કેમકે તે સૌ પોતપોતાની ભાષામાં અંગૂર માટે આગ્રહ કરી રહયા હતા ને એકમેકની ભાષાનું જ્ઞાન ન હોવાથી લડી રહયા હતા!

મૌલાના રૂમીના અશઆરમાં વેરાયેલું આ તત્ત્વચિંતન પણ જોવા-માણવા જેવું છે:

એક માણસ એક ખોરાક ખાય છે, જેનાથી તેના મનમાં કંજૂસી અને ઇર્ષ્યાનાં તત્ત્વો ઉત્પન્ન થાય છે. જ્યારે એક બીજો માણસ જે ખાય છે તેનાથી તેના અંતરમાં ખુદાઇ નૂર પેદા થાય છે. આ સારી, પાક જમીન છે ને તે ખારપાટ! આ ફરિસ્તો છે, તે શેતાન!

અને મનુષ્યની ફના તથા બકાના રહસ્ય પરથી પડદો સરકાવતાં મૌલાના કહે છે કે:

તમે જે દિવસથી વજૂદમાં આવ્યા છો તે પહેલાં આગ યા ખાક યા હવા હતા અને તમારી એ જ સ્થિતિ રહી હોત તો પછી પ્રગતિ શી રીતે નસીબ થાત? બદલનારે સૌ પ્રથમ વજૂદ-ખાસિયત બદલાવી નાખી અને ત્યાર પછી તેની જગ્યાએ અન્ય વજૂદ સ્થાપિત કર્યું. એ રીતે હજારો જિંદગી એક પછી એક બદલતી જશે! અને આ બકા-પાયેદારી તમે ફના પછી મેળવી છે તો પછી ફનાથી મનચોરી શા માટે કરો છો! એ ફનાથી તમને કયું નુકસાન થવાનું છે કે હવે બકાને વળગી રહયા છો!

મૌલાના રૂમીની મસ્નવીના છ ગ્રંથ યાને છ ભાગ છે અને એક અંદાજ પ્રમાણે તેની અંદર ૨૬૬૬ અશઆર છે. છઠ્ઠો ભાગ લખતી વેળા મૌલાના બીમાર થયા અને અધૂરો છઠ્ઠો ભાગ પૂરો કરવા માટે ઘણા લોકોએ કોશિશ કરી પણ સફળ થઇ શકયા નહીં. આખરે મૌલાના પાછા સાજા થયા ત્યારે તેમણે પોતે એ અધૂરો ભાગ પૂરો કર્યો.

મસ્નવીનો સાતમો ભાગ પણ છે, જેના વિશે મૌલાનાના અકીદતમંદો તથા સૂફીવાદીઓમાં એક સમયે ઘણો મતભેદ રહયો હતો. પણ હવે એને મૌલાનાની મસ્નવીનો જ એક ભાગ માનવામાં આવે છે.

(પુસ્તકઃ દુનિયા કી સો અઝીમ કિતાબેં)

### જિધર-જિધર દેખું

મીર અનીસ એટલે ઉર્દૂ શાયરીને સમૃદ્ધ કરનારા એક મહાન મર્સિયાકાર શાયર. તેમણે હઝરત ઇમામ હુસૈન (રદિ.) અને કરબલાની કરુણ ઘટના વિશે મરસિયા લખીને ઉર્દૂ ભાષાનો ખાલી ખજાનો ભરી દીધો હતો. મૌલાના અબૂલ કલામ આઝાદના શબ્દોમાં કહીએ તો, મીર અનીસના મરસિયા એ વિશ્વસાહિત્ય માટેની ઉર્દૂ ભાષાની એક અમૂલ્ય ભેટ છે.

મીર અનીસ ઉર્દૂ શાયરોની પ્રથમ હરોળના તે ઝળકતા સિતારા છે, જેના પર ઉર્દૂ ભાષા-સાહિત્ય ખરેખર ગર્વ લઇ શકે છે. શાયરી તેમને વારસામાં મળી હતી. તેમના પરદાદા મીર ઝાહક એક અચ્છા શાયર હતા. દાદા મીર હસન પણ શાયર. તેમની મસ્નવી સહરૂલ બયાન ઉર્દૂના પ્રશિષ્ટ સાહિત્યમાં એક ખાસ દરજ્જો ધરાવે છે. તેમના પિતા મીર ખલીક તેમના સમયના એક પ્રતિષ્ઠિત શાયર હતા. મરસિયા કહેવાની તાલીમ તેમણે તેમના પિતા પાસે લીધી હતી અને પછી ખુદાદાદ શકિત દ્વારા મરસિયા કહેવાની કળાને તેમણે એટલી બુલંદી અર્પી કે ઉર્દૂનો અન્ય કોઇ શાયર એ બુલંદીને સ્પર્શી શકયો નહીં. મૌલાના શિબ્લી નુઅમાનીએ નોંધ્યું છે કે: મીર અનીસની શાયરી, કાવ્યકળાના સર્વ પ્રકારોનો એક ઉત્તમ નમૂનો છે. તેમની શાયરીમાં કાવ્યકળાના જેટલા રંગો જોવા મળે છે એટલા અન્ય કોઇની શાયરીમાં દૃષ્ટિગોચર થતા નથી.

હકીકત આ છે કે ભાવ-ભાષા, અસર અને અભિવ્યકિતની દૃષ્ટિએ શાયરીના જેટલા પ્રકારો હોઇ શકે છે તે સૌ પર અનીસના મરસિયા સરસાઇ ભોગવે છે. ભાષાના વિકાસમાં પણ તેમણે નોંધપાત્ર ભાગ ભજવ્યો છે. મૌલાના અલ્તાફહુસૈન હાલી નોંધે છે કે યુરુપમાં શાયરની કમાલનો અંદાજ આ વાત પરથી પણ લગાવવામાં આવે છે કે તેણે અન્ય શાયરોના મુકાબલે શબ્દો કેટલી સુંદર રીતે પ્રયોજ્યા છે. અગર આપણે એને નિપુણતાનું ધોરણ માની લઇએ તો એ દૃષ્ટિએ પણ મીર અનીસને ઉર્દૂ શાયરીમાં સૌથી ચઢિયાતો શાયર માનવો પડશે. (શેઅરો-શાઇરી)

અને મૌલાના હાલીના ઉસ્તાદ મિરઝા અસદુલ્લાહ ખાન ગાલિબ, મીર અનીસના મરસિયા વિશે કહે છે કે ઉર્દૂ ભાષાએ મીર અનીસ અને દબીરથી બહેતર મરસિયાકાર શાયરો જન્માવ્યા નથી. એમના જેવા મરસિયાકારો થયા નથી ને ભવિષ્યમાં પણ થશે નહીં.

ઉર્દૂ ભાષાના એક પ્રતિભાશાળી કવિ અને વિવેચક સરદાર જાફરી કહે છે કે હું મીર અનીસનો શુમાર ઉર્દૂના ચાર મહાન શાયરોમાં કરું છું. બાકીના ત્રણ મીર તકી મીર, ગાલિબ અને ઇકબાલ છે. મરસિયાથી નઝમલેખન સુધીની દરેક સફરમાં અનીસની શાયરીએ મારી રહેનુમાઇ કરી છે. વીસમી સદીની નઝમની ભાષાને મીર અનીસ ઓગણીસમી સદીમાં મુસ્તનદ બનાવી ચૂકયા હતા.

આ મહાન શાયરે માત્ર મરસિયા લખ્યા નથી. તેમણે હમ્દ, નાત અને સલામો પણ લખ્યા છે, રૂબાઇઓ પણ ઘણી લખી છે અને એ સર્વ કાવ્યપ્રકારોમાં તેમનો જવાબ નથી. ઇસ્લામી અદબી આલમના તેઓ એક ઝળકતા સિતારા છે.

### હઝરત મહદી (રદિ.) નું કુળ

દુનિયા જયારે દીન ઇમાનથી ખાલી અને અત્યાચાર, ભ્રષ્ટાચાર અને બુરાઇઓથી ભરાઇ જશે ત્યારે જાહેર થનારા અંતિમ ખલીફાએ રાશિદ હઝરત મહદી (રદિ.) વલી તરીકેના ઉચ્ચ દરજજા પર હશે.

હદીસ-શરીફમાં એક જગ્યાએ તેમને જન્નતના સરદારો માંહેના એક લેખવવામાં આવ્યા છે. ઇબ્ને માજાની એક રિવાયત પ્રમાણે રસૂલુલ્લાહે (સ.અ.વ.) ફરમાવ્યું, અમે અબ્દુલ મુત્તલિબની ઔલાદ જન્નતના સરદાર થઇશું.- યાને રસૂલુલ્લાહ (સ.અ.વ.) તથા હમઝા, અલી, જાફર, હસન, હુસૈન અને મહદી (રદિ. અજમઇન) જન્નતના સરદાર થશે.

હ. મહદી (રદિ.) ને અલ્લાહ તઆલા તરફથી વિપુલ રૂહાની શકિત અર્પવામાં આવી હશે અને આકાશ તથા ધરતીવાળા સૌ તેમનાથી ખુશ રહેશે. **(ક્રમશ)**

# આધ્યાત્મિક સફર

ઉર્દૂ લેખક: મૌ.ઇફતિખારઅહમદ કાસિમી સમસ્તીપૂરી
અનુવાદક : યુસુફખાન પઠાણ (ગુંજાવાળા)

لَا تَحِلُّ الْهِجْرَةُ فَوْقَ ثَلٰثَةِ أَيَّامٍ فَإِنِ الْتَقَيَا فَسَلَّمَ أَحَدُهُمَا فَرَدَّ الْآخَرُ إِشْتَرَكَا فِي الْأَجْرِ وَإِنْ لَمْ يَرُدَّ بَرِئَ هٰذَا مِنَ الْإِثْمِ وَبَاءَ بِهِ الْآخَرُ۔

ભાવાનુવાદ: **ત્રણ દિવસથી વધારે સમય સુધી સંબંધ તોડવા એ જાઇઝ નથી, પછી જો બન્નેની મુલાકાત થાય અને એક જણ સલામ કરે અને જો બીજો જવાબ આપી દે તો બન્ને જણ સવાબ ના હકદાર બનશે અને જો બીજો જવાબ ન આપે તો સલામ કરવાવાળો ગુનાહથી મુક્ત થઇ જશે અને બીજો (જવાબ ન આપનાર) ગુનાહ સાથે (પાપ સાથે) પાછો ફરશે.** (અત્તરગીબ વત્તરહીબ: ૩/૩૦૫)

દ્વેષ અને દુશ્મનીને કારણે સંબંધોનો વિચ્છેદ માનસિક તાણનું કારણ છે, જે ખૂન કરવા સમાન છે. હદીષ શરીફમાં આવે છે કે,

مَنْ هَجَرَ أَخَاهُ سَنَةً فَهُوَ كَسَفْكِ دَمِهِ۔

ભાવાનુવાદ: **જેણે પણ પોતાના મુસલમાન ભાઇ સાથે એક વર્ષ સુધી સંબંધ તોડેલો રાખ્યો એણે જાણે કે એનું લોહી (ખૂન) વહેવડાવ્યું.** (અત્તરગીબ વત્તરહીબ: ૩/૩૦૬)

ઇમામ ગઝાલી (રહ.) ફરમાવે છે કે, દ્વેષ અને દુશ્મનાવટને કારણે આઠ ખરાબીઓ પેદા થાય છે, જે ખરેખર સૌથી ખરાબ દુષ્કૃત્યના પ્રકારોમાંથી છે:

(૧) હસદ-ઇર્ષા: અલ્લાહ તઆલા તરફથી કોઇને મળેલ નેઅમતથી બળતા રહેવું અને તે બરબાદ થઇ જાય તેવી ઇચ્છા કરવી. આ મુનાફિકોની આદત છે અને દીન-ધર્મને બરબાદ કરનાર ગુણ છે.

(૨) શમાતત: કોઇના નુકસાન પર હસવું. અર્થાત્ દુશ્મનની તકલીફ ઉપર મનમાં ખૂબ જ ખુશ થવું.

(૩) તર્કે તઅલ્લુક-સંબંધ વિચ્છેદ: અર્થાત્ કીના, કપટ અને દ્વેષભાવને કારણે મળવાનું અને બોલવા- ચાલવાનું બંધ કરવું.

(૪) તહકીર-અવગણના: અર્થાત્ દ્વેષને કારણે દુશ્મનને તુચ્છ અને હલકો (નીચ-ધિક્કારને પાત્ર) સમજવો.

(૫) ઝબાન દરાજી: લપચપ કરવી, વધુ પડતું બોલવું. અર્થાત્ દુશ્મનની કુથલી (ગીબત) કરવી, ચાડી કરવી, તેના ઉપર આક્ષેપ મૂકવો.

(૬) ઇસ્તિહઝા: મજાક-મશ્કરી કરવી. અર્થાત્ દ્વેષ અને કીના-કપટને કારણે દુશ્મનની બેઇજ્જતી કરવી અને તેની ઠેકડી ઉડાડવી.

(૭) મારપીટ (લડાઇ-ઝઘડો): અર્થાત્ દ્વેષને કારણે ક્યારેક મારામારી સુધી પણ વાત વણસે છે.

(૮) જૂના સંબંધોમાં ઉણપ: અર્થાત્ દ્વેષની ઓછામાં ઓછી એટલી અસર તો થાય છે કે દિલોમાં કડવાશ આવી જાય છે અને પહેલાં જેવા સંબંધો રહેતા નથી.

દ્વેષ અને દુશ્મનીનો ઉપચાર આ છે કે ગુસ્સા ઉપર કાબૂ રાખે, કેમકે દ્વેષ અને દુશ્મનીની શરૂઆત ગુસ્સાથી થાય છે અને તેથી ગમે કે ન ગમે છતાં પણ (આરામ અને સંતોષપૂર્વક) દુશ્મનની ભૂલને માફ કરીને તેની સાથેના સંબંધો સુધારી લે અને યાદ રાખે કે ગુસ્સો પી જવાને અને ભૂલને માફ કરવાને શરીઅતમાં ખૂબ જ ફઝીલત અને ખુશનસીબી બતાવાઇ છે અને તેને (માફ કરનારને) અલ્લાહના પસંદ પામેલ બંદાઓના સદ્ગુણોમાંથી ગણવામાં આવે છે. કુર્આન શરીફ ફરમાવે છે:

وَالْكٰظِمِيْنَ الْغَيْظَ وَالْعَافِيْنَ عَنِ النَّاسِ۔

ભાવાનુવાદ: **અને જે લોકો ગુસ્સાને પી જનારા અને લોકોને માફ કરવાવાળા છે. (અલ્લાહ તઆલા નેકી કરનારાઓને પસંદ કરે છે.)** (સૂ. આલિ ઇમરાન: આ. ૧૩૪)

ટૂંકમાં દ્વેષ અને કિન્નાખોરી (ઇર્ષા) આ બન્ને એવા રોગ છે, જે માનવીને હંમેશા બેચેન રાખે છે. વળી એક અગોચર આગમાં બાળ્યા કરે છે અને આવો માનવી સમયથી પહેલાં ઘરડો થઇ જાય છે. એથી જ તો પહેલાંના લોકો એવું કહેતા કે, દ્વેષ અને ઇર્ષાની આગ માનવીને જલ્દી ઘરડો બનાવી દે છે. તેથી તેના ઉપચાર વિશે જેમ બને તેમ જલ્દી ચિંતા કરવી જોઇએ. એટલે કે જેમ બને તેમ જલ્દી તેનો ઉપચાર શોધી કાઢવો જોઇએ, નહિતર જિંદગી બરબાદ થઇ જશે અને માણસાઇનો મોભો નષ્ટ થઇ જશે. કોઇએ કેટલું સારું કહ્યું છે:

**બુગ્ઝ વ હસદકી આગકો દિલસે નિકાલ દે.**
**બન જા વો આદમી કે ઝમાના મિસાલ દે.**

## ખૂબ જ ક્રોધ અને ગુસ્સો તથા તેનો ઉપચાર

પોતાના સ્વભાવથી વિપરિત કોઇ વાત થાય અને આપણી ઇચ્છા મુજબ કામ ન થાય તો આપણું લોહી ઉકળી ઉઠે છે અને સ્વભાવમાં (મિજાઝમાં) એક પ્રકારની ચીડ અને ઝણઝણાટી ઉત્પન્ન થઇ જાય છે, જેને લીધે માનવી અતિશય વ્યગ્રતા અને બેચેનીનો શિકાર થઇને આકુળ-વ્યાકુળ બની જાય છે અને નાની નાની વાતોમાં પણ ગુસ્સે થઇ જાય છે, તોડ-ફોડ અને મરવા-મારવા ઉપર ઉતરી આવે છે. માનવીની આ ઝનૂની હાલત ક્રોધાવેશ અને ગુસ્સો અથવા તો ઝનૂન (અત્યંત ગુસ્સો) કહેવાય છે.

ગુસ્સો આગનો ગોળો છે, જેનું જોર તોડવું બહુ જ જરૂરી છે. જેવી રીતે કડવા એલવાથી મધ મીઠું હોવા છતાં પણ બગડી જાય છે, તેવી જ રીતે ગુસ્સાથી ઇમાન (અલ્લાહ તઆલા ઉપરનું યકીન) ડગમગી જાય છે-બગડી જાય છે, પરિણામે મારઝૂડ, ગાળા ગાળી અને ઝબાન દરાઝી (વધારે પડતું બોલ બોલ કરવું) જેવા ગુનાહ છડેચોક થવા લાગે છે અને આ જ દ્વેષ અને ઇર્ષા, ગેર સમજ, બેઇઝઝતી અને ઇજા પહોંચાડવા જેવા ખતરનાક ગુનાહોમાં સપડાવી દે છે. ગુસ્સો ઘણી જ ખરાબ આફત છે, જેનાથી બચવાની હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ નસીહત ફરમાવી છે. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ફરમાવે છે: "لَا تَغْضَبْ" (લા તગ્ઝબ્): અર્થાત્ ગુસ્સો ન કરો. (બુખારી શરીફ, અદબ: ૭૬)

ગુસ્સાને ઉત્તેજન આપનાર અસલ પરિબળ તો ઘમંડ અને આત્મ પ્રદર્શન (પોતાની જ વાહવાહ ગાવી-આત્મશ્લાઘા) જ હોય છે, જેને કારણે સહનશક્તિમાં ઊણપ આવી જાય છે અને માનવીને એવો ભાસ થયા કરે છે કે મારી આબરૂ બરબાદ કરવામાં આવી, ભર સભામાં મારા અભિપ્રાય વિરુદ્ધ અભિપ્રાય આપવામાં આવ્યો અને મારી સલાહ માનવામાં ન આવી. મારા સ્થાન અને મોભાનું ધ્યાન રાખવામાં ન આવ્યું. વળી, ક્યારેક ગુસ્સાનું કારણ એકલવાયાપણાની-એકલતાની ભાવના પણ હોય છે, જેથી માનવી અજ્ઞાતપણે પોતાની વંચિતતા (વિમુખતા), ભૂલો, ખામીઓ અને ભૂલોની વ્યથાનો અનુભવ કરે છે અને પછી તો અજ્ઞાનતાની આ જ વ્યથા ગુસ્સા અને નફરત સ્વરૂપે સામે આવે છે. મનોવિજ્ઞાનીઓનું કહેવું છે કે, માણસ તેની ધારણા ઉપર જો કોઇ વસ્તુ, માહોલ અથવા તો વ્યક્તિ ખરો ન ઉતરે તો તે વ્યક્તિ ગુસ્સાનો, ઝણઝણાટીનો અને ચિડીયાપણાનો શિકાર થઇ જાય છે.

ગુસ્સો એક કુદરતી વસ્તુ છે, જે ઇચ્છિત પણ છે અને નિંદનીય (ખરાબ) પણ છે. દીન (ધર્મ) અને ઇમાન (શ્રદ્ધા) ની ચાહત વિરુદ્ધ-શરીઅત વિરુદ્ધ કોઇ કામ ઉપર ગુસ્સે થવું ઇમાની સ્વાભિમાનની ચાહત છે. ઉદાહરણ તરીકે ઇસ્લામી નિશાનીઓની મશ્કરી કરવામાં આવતી હોય, દીન( ધર્મ) અને ઉલમાએ દીન (ધર્મના વિદ્વાનો) નું અપમાન કરવામાં આવતું હોય, શરીઅતના કાયદાઓને અધૂરા બતાવવામાં આવતા હોય, દુનિયાથી ડરીને કે ગભરાઇને (પ્રભાવિત થઇને) કુર્આને મજીદ અને અલ્લાહ તઆલાની વ્યવસ્થાને જરી-પુરાણી કહેવામાં આવતી હોય, પ્રગતિના નશામાં સંડોવાઇને બુરાઇઓનું છડેચોક-ખુલ્લં ખુલ્લા આચરણ કરવામાં આવતું હોય ત્યારે ગુસ્સે થવું ઇમાની ગયરતની સાબિતી આપે છે અને આવા મોકા (કે ઘટના) વિશે હઝરત ઇમામ શાફિઇ (રહ.) ફરમાવે છે:

**અર્થાત્ કોઇને ગુસ્સે કરવામાં આવે અને તે ગુસ્સે ન થાય તો તે (ઇન્સાન નથી, બલકે) ગધેડો છે.**

હકીકતમાં ગુસ્સો માનવીમાં સ્નાયુઓની તિવ્રતાની શકિતમાં વધારો કરે છે, જેને કારણે માનવી પોતાના મહત્વપૂર્ણ ધ્યેયો આડે આવતા અવરોધોની સામે સારી રીતે-કુશળતાપૂર્વક લડી શકે છે. એ જ કારણ છે કે દીનની તબ્લીગનો ખુલ્લં ખુલ્લા વિરોધ કરવાવાળા કાફિરો અને છૂપી રીતે વિરોધ કરનારા મુનાફિકો સાથે સખતમાં સખત વર્તાવ કરવાનો હુકમ કુર્આને મજીદે આપ્યો છે અને એ સ્પષ્ટ બાબત છે કે આવું કઠોર વર્તન ગુસ્સાથી જ પેદા થાય છે. કુર્આન મજીદ ફરમાવે છે:

يَا أَيُّهَا النَّبِيُّ جَاهِدِ الْكُفَّارَ وَالْمُنَافِقِينَ وَاغْلُظْ عَلَيْهِمْ ۚ وَمَأْوَاهُمْ جَهَنَّمُ ۖ وَبِئْسَ الْمَصِيرُ ⑨

(સૂ. અત્તહરીમ: આ. ૯) (ક્રમશ)

## શિક્ષણ મંથન

મને કહેવામાં આવશે કે, તે એક સુંદર પત્ની હતી, તેની અનાથ દીકરીઓ હતી, તેણે પોતાની સુંદરતાનું બલિદાન આ છોકરીઓની તાલીમ અને તરબિયત માટે આપી દીધું, ત્યાં સુધી કે તે છોકરીઓ જુવાન થઇ ગઇ, અલ્લાહે તેના આ અમલની કદર કરી, અને પરિણામ તમે જોઇ રહયા છો. (કંઝુલ ઉમ્માલ)

પયગમ્બર સાહેબે સૌથી વધુ તાકીદ અને ભાર જે બાબત પર મૂકયો; તે બાળકોનું શિક્ષણ અને તેમની કેળવણી છે, જો એવું કહેવામાં આવે કે ઇસ્લામ બાળકોના બળજબરી શિક્ષણમાં માને છે, તો આ વાત ખોટી નહીં લેખાય, કારણ કે આપ (સ.અ.વ.) એ જ્ઞાન પ્રાપ્તીને દરેક મુસ્લિમ માટે ફરજિયાત ઠરાવ્યું છે, (ઇબ્ને માજહ) સ્વાભાવિક છે કે ફરજની બાબતમાં જરૂર પડયે બળજબરીથી પણ કામ લઇ શકાય છે, ઇમામ બુખારીએ તેમના પુસ્તકમાં એક શીર્ષક હેઠળ સાબિત કર્યું છે કે, પાંચ વર્ષની ઉંમરે તાલીમની શરૂઆત થવી જોઇએ. (બુખારી)

તાલીમ માં દીની શિક્ષણનો પણ સમાવેશ થાય છે, કારણ કે જરૂર પૂરતું દીનનું ઇલ્મ મેળવ્યા વિના, વ્યકિત ન તો તેની દુનિયાને સુધારી શકે છે અને ન તો આખિરત સુધરી શકે છે, તેથી, એવા ઇલ્મનું મેળવવું પણ જરૂરી છે, જેના દ્વારા તે પોતાની આર્થિક જરૂરિયાતો પૂરી કરી શકે અને એક સન્માનનીય અને ખુદ્દાર નાગરિક તરીકે જીવન જીવી શકે, પવિત્ર કુર્આને આ માટે એક અર્થપૂર્ણ શબ્દનો પ્રયોગ કર્યો છે કે, તમારી પોતાની જાતને અને તમારા ઘરવાળાઓને જહન્નમની આગથી બચાવો. (અત-તહરીમ:ર) બાળકોને દોઝખથી બચાવવા માટે, દીનની તાલીમ તો જરૂરી છે જ, સાથે ધંધા-રોજગારની રીતનું શિક્ષણ લેવું પણ જરૂરી છે; જેથી તેઓ જાઇઝ રીતે પોતાની જરૂરિયાતોને પૂરી કરી શકે અને અસામાજિક માર્ગ અપનાવવા મજબૂર ન બને.

ઇસ્લામની નજરમાં બાળકોનું શિક્ષણ કેટલું મહત્ત્વનું છે ? તેનો અંદાજ એ હકીકત પરથી લગાવી શકાય છે કે, સૈદ્ધાંતિક રીતે પુખ્તાવસ્થા પછી બાળકોનું ભરણપોષણ પિતા પર વાજિબ અને ફરજિયાત નથી, સિવાય કે તે વિકલાંગ હોય, પરંતુ જો બાળકો શિક્ષણમાં રોકાયેલા હોય અને માતા-પિતા તેમનો ખર્ચ ઉઠાવવા સક્ષમ હોય, તો પછી તેમનું ભરણપોષણ પણ વાજિબ (ફરજિયાત) છે, એ જ રીતે ફુકહા (ઇસ્લામી ધારાશાસ્ત્રી) એ વિદ્યાર્થીઓ માટે જકાતને જાઇઝ ઠેરવ્યું છે અને કેટલાક વિદ્વાનોએ તેમને પણ કુર્આનમાં વર્ણવેલ ઝકાતની ફી સબીલિલ્લાહ ની શ્રેણીમાં મૂકયા છે.

બાળકોના શિક્ષણની સાથે તેમની તરબિયત અને કેળવણી પણ જરૂરી છે, તરબિયત જ વાસ્તવમાં માણસને માણસ બનાવે છે. આપ (સ.અ.વ.) એ ફરમાવ્યું છે કે, બાળકોને સારા સંસ્કાર અને શિષ્ટાચારથી વધુ સારી ભેટ કોઇ વ્યકિતએ આપી નથી. (તિરમીઝી) એક અન્ય પ્રસંગે આપે ફરમાવ્યું કે, પોતાનાં બાળકોને સભ્યતા અને શિષ્ટાચાર શીખવો. (ઇબ્ને માજહ) આપ (સ.અ.વ.) ખરેખર માનવ મનોવિજ્ઞાનના ગજબ પારખું અને માર્ગદર્શક હતા અને દરેક નાની-મોટી બાબતમાં માર્ગદર્શન આપતા હતા; જેમકે, એક પ્રસંગે, અત્યંત અર્થપૂર્ણ રીતે આપ (સ.અ.વ.) એ બાળકોના એ અધિકારોનો ઉલ્લેખ કર્યો છે, જે માતા-પિતા પર છે; આપે ફરમાવ્યું:

સાતમા દિવસે બાળકનો અકીકો કરો, તેનું યોગ્ય નામ રાખો, તેને નવરાવો-ધોવરાવો, તેર વર્ષની વયે નમાઝ અને રોઝા બાબતે ઠપકો કે સજા કરો, એકવીસ વર્ષની ઉંમરે પિતા તેના લગ્ન કરાવી દે, પછી તેનો હાથ પકડીને કહે: મેં તને અખ્લાક અને સારા સંસ્કાર

શીખવી દીધા છે, તને શિક્ષિત કરી દીધો છે અને તારા લગ્ન કરાવી આપ્યા છે, હું અલ્લાહની પનાહ અને શરણ ચાહું છું, એ વાતથી કે તું દુનિયામાં મારા માટે ફિત્નાનું નિમિત્ત બને કે આખિરતમાં અઝાબનો સબબ બને. (મુસ્નદ અહમદ, ઇબ્ને હિબ્બાન)

આપ (સ.અ.વ.) એ પોતાની કથની અને કરની દ્વારા, આપણને બાળકોની તાલીમ અને તરબિયતની પદ્ધતિઓ વિશે પણ વાકેફ કર્યા છે, આ સંદર્ભે મૂળભૂત વાત એ છે કે, બાળકોના સ્વભાવ અને પ્રસંગને અનુરૂપ કયારેક નમ્રતાનો, તો કયારેક સખ્તીનો વ્યવહાર કરવો જોઇએ, બિનજરૂરી મારઝૂડ અને હર વખતે સખ્તાઇ કરવી એ ફાયદો કમ ને નુકસાન વધુ કરે છે; તેથી, બાળકો સાથે તો શફકત અને સ્નેહનો વર્તાવ ઇચ્છિત અને જરૂરી છે. હઝરત અનસ વર્ણવે છે કે, મેં અલ્લાહના રસૂલ (સ.અ.વ.) જેટલી બાળકો પ્રત્યે પ્રેમાળ વ્યકિત કોઇ જોઇ નથી. (મુસ્લિમ) એકવાર હઝરત ઇકરઅ બિન હાબિસે આપ (સ.અ.વ.) ને જોયા કે આપ હઝરત હુસૈનને ચુંબન કરી રહયા છે, હઝરત ઇકરઅએ કહયું કે, મને દસ પુત્રો છે, મેં તેમને કયારેય ચુંબન કર્યું નથી. આપ (સ.અ.વ.) એ આ સાંભળી ફરમાવ્યું કે, જે રહેમ નથી કરતો; તેની ઉપર રહેમ નથી કરાતો. આપ (સ.અ.વ.) ની આ કરૂણા અને પ્રેમ ફકત પોતાનાં બાળકો પૂરતો જ સીમિત ન હતો; બલ્કે, અન્ય લોકોનાં બાળકો સાથે પણ આપ ખૂબ જ સ્નેહભર્યો અને સહજ વર્તાવ કરતા હતા. જયારે કોઇ પ્રવાસમાં જવાનું કે પાછા ફરવાનું થતું તો મદીનાથી જે બાળકો આપ (સ.અ.વ.) ને લેવા કે મૂકવા જતાં તો આપ તેમને પોતાની સવારીની આગળ-પાછળ બેસાડી દેતા. બાળકો સાથે હંમેશા અપમાનજનક અને નિરાશાજનક વલણ સારૂં નથી હોતું, તેમનો સ્વભાવ અને માનસિકતાને પણ ધ્યાનમાં લેવી ખૂબ જરૂરી છે.જયાં વધુ પડતી કડકાઇ બાળકોની કેળવણી માટે હાનિકારક છે, ત્યાં એ પણ ઉચિત નથી કે ચેતવણી અને ઠપકો આપવાની જયાં જરૂર હોય; ત્યાં પણ મૌન ધારણ કરી લેવામાં આવે, આનાથી બાળકોની તરબિયત થતી નથી અને તેમનામાં અસભ્યતા અને અશિષ્ટતાનું વલણ વધે છે, કેટલાંક બાળકોમાં પોતાની દરેક જીદ પુરી કરવાનો મિજાજ બની જાય છે, આ વલણ બાળકોના ભવિષ્ય માટે ખૂબ જ નુકસાનકારક છે; એટલા માટે જ આપ (સ.અ.વ.) એ બાળકોને જરૂર મુજબ ઠપકો કે સખ્તી કરવાનો પણ આદેશ આપ્યો છે; જેમકે, આપ (સ.અ.વ.) એ ફરમાવ્યું કે, જયારે બાળકો દસ વર્ષના થઇ જાય અને નમાઝ અદા કરવામાં સુસ્તી દાખવે, તો તેમને હળવો ઠપકો કે હળવી સજા પણ કરવી જોઇએ. (તિરમીઝી: ૧/૯૩) આ જ કારણે ફુકહાએ માબાપને તેમનાં બાળકોની અને શિક્ષકોને પોતાના વિદ્યાર્થીઓની એક ચોકકસ મર્યાદામાં રહીને (શિસ્ત શીખવવા માટે) સજા કરવાની છૂટ આપી છે.

બાળકો માટે ખેરની દુઆ કરવી પણ તેમનો હક છે, પોતાનાં બાળકો માટે પણ અને કોમનાં બાળકો માટે પણ દુઆ કરવી એ તેમનો એક હક છે; કારણ કે દુઆ હર હાલમાં એક અસર ધરાવે છે, પવિત્ર કુર્આનમાં કેટલાક પયગમ્બરોની દુઆઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, જેમાં અલ્લાહથી સંતાનોના નેક બનવાની અને હક પર અડગ રહેવાની દુઆઓનો ઉલ્લેખ આવ્યો છે. આ સંદર્ભે મશહૂર મુહદ્દિસ અને સાહિબે-દિલ ઇમામ અબ્દુલ્લાહ બિન મુબારકનો પ્રસંગ ખૂબ પ્રસિદ્ધ છે કે, તેઓ પોતાના શરૂઆતના જીવનમાં ગીત-સંગીત વગાડવા અને એશો-ઇશરતના નશામાં મસ્ત રહેતા હતા, અહીં સુધી કે શરાબના પણ વ્યસની થઇ ગયા હતા, તેમના માતા-પિતાને તેમના આ હાલ પર ખૂબ જ અફસોસ અને દુ:ખ થતું હતું અને રાત-દિવસ રડી રડીને અલ્લાહથી દુઆઓ કરતાં હતાં. (ક્રમશ)

## મા-બાપે સાવચેત મિત્ર બની સંતાનોને સહકાર આપવો જોઇએ

**બાળકના હાથમાં નવોસવો ફોન આવે ત્યારે તે સમગ્ર અસ્તિત્વને એની સાથે જોડી દેતું હોય છે. કોઇ પોતાની પોસ્ટ લાઇક કરે છે કે નહીં, એ બધી ક્ષુલ્લક બાબતો એમના માટે જીવન મરણનો પ્રશ્ન બની જાય છે.**

અમીના સવારથી ચિંતામાં હતી. ઝેબાનું વર્તન છેલ્લા થોડા દિવસથી બદલાયું હતુ. મોટે ભાગે એ સ્કૂલેથી આવીને અમીનાને સ્કૂલની બધી વાત કરતી હોય. આખા દિવસમાં શું બન્યું ? કોણે એની સાથે શું વાત કરી ? કઇ વાત એને અપસેટ કરી ગઇ અને કઇ વાતમાં બહુ મજા આવી એ બધી જ વાત ઝેબા અમીનાને કરતી.

અમીનાની ઘણી મિત્ર એની અદેખાઇ કરતી. ટીનેજમાં આવ્યા પછી પણ દીકરી માને બધી જ વાત કરે એ પરિસ્થિતિ કેટલી આનંદદાયક હોય છે ! પરંતુ બધા દિવસો એક સરખાં રહેતાં નથી એમ છેલ્લા થોડા દિવસથી જાણે મા-દીકરીના સંબંધને નજર લાગી ગઇ હોય તેમ ઝેબા સ્કૂલેથી આવીને નાસ્તો કરીને સીધી એના રૂમમાં જતી રહેતી. ઝેબાના આવા વર્તનથી અમીનાને પહેલાં દિવસે તો ખૂબ નવાઇ લાગી હતી. પરંતુ પછી તો રોજ એનું વર્તન એવું જ રહેવા લાગ્યું. તે સ્કૂલેથી આવીને કંઇ બોલતી નહીં અને તેને પૂછવામાં આવે એટલો જ જવાબ આપતી હતી. ઝેબા મોબાઇલની અંદર કંઇક સર્ચ કરતી હોય કે પછી કોઇકના ફોનની રાહ જોતી હોય એમ ઘડી ઘડી ફોન ચેક કર્યા કરતી. અમીનાએ એક-બે વખત ઝેબાને પૂછયું, કંઇ થયું છે ? કોઇ સાથે ઝગડો ? પણ એણે વાત ટાળી દીધી. અમીનાએ પૂછયું પણ ખરું, બેટા, હવેથી તું તારી સ્કૂલની વાત મને કેમ નથી કરતી ? ત્યારે એણે ઊડતો જવાબ આપ્યો, રોજ રોજ શું કહેવા જેવું બનતું હોય છે ? ભણીને પાછા આવીએ છીએ.

સામાન્ય રીતે ઝેબા અમીનાનો અમીના ઝેબાનો ફોન ચેક ન કરે, કારણ કે ઝેબા એના મનની વાત અમીનાને કહેતી જ હોય, પણ આ વખતે અમીનાને થોડું અજબ તો લાગ્યું એટલે એણે ઝેબાનો ફોન ચેક કર્યો. એને નવાઇ લાગી. ઝેબાએ મોબાઇલમાં પાસવર્ડ નાખી દીધો હતો. આમ તો અમીનાને ઝેબા પર વિશ્વાસ હતો, પણ છતાં એની ચિંતાને કારણે, તકેદારી માટે એણે થોડું ધ્યાનથી જોયું. એક-બે વખત ઝેબા જયારે ફોન ઓપરેટ કરતી હતી ત્યારે અમીનાએ એનો પાસવર્ડ જોઇ લીધો અને ઝેબા સ્કૂલે ગયા પછી પાસવર્ડ નાખીને ફોન ચેક કર્યો તો એમાં જોયું કે અમીનાના સ્ક્રીન ટાઇમમાં ઘણો બધો વધારો નોંધાયો હતો. વોટ્સએપ ચેટિંગ કે સ્નેપ ચેટ નહોતું, પણ ઇન્સ્ટાગ્રામ અને ફેસબુક સતત જોવાતાં હતાં.

એ સાંજે જ અમીનાએ પોતાનું ફેસબુક એકાઉન્ટ એક્ટિવ કર્યું અને ઝેબાને ફ્રેન્ડ રિકવેસ્ટ મોકલી. સાંજે ઝેબાએ આવીને જોયું અને તરત પૂછયું હવે, તમારે મારા ફ્રેન્ડ થવું છે ? અમીનાએ કહયું, આપણે ફ્રેન્ડ જ છીએ ને ? તો એકસેપ્ટ કર.

ઝેબાએ ઝાઝી માથાકૂટમાં પડયા વગર ફ્રેન્ડ રિકવેસ્ટ સ્વીકારી લીધી. હવે અમીનાએ જોયું કે ઝેબા રોજ એક સેલ્ફી અપલોડ કરે છે અને પછી આખો દિવસ જયારે ફ્રી હોય ત્યારે એને જોયા કરે છે. એટલે એણે એક દિવસ ઝેબાને કહયું, શું આવી બોરિંગ સેલ્ફી અપલોડ કરે છે ? ચાલ આપણે ગાર્ડનમાં જઇએ, હું તને સરસ મજાના ફોટા પાડી આપીશ અને પછી તું એ ફોટા અપલોડ કરજે. ઝેબાને થોડી નવાઇ લાગી, પણ એ તરત તૈયાર થઇ ગઇ. બંનેએ સરસ ફોટા પાડયા અને બીજા દિવસે ઝેબાએ એ ફોટામાંથી એક અપલોડ કર્યો. એ દિવસે ઝેબા ખુશ હતી. એ ક્રમ ચાલુ રહયો. અમીનાએ નોંધ્યું કે ઝેબા ખુશ રહેવા લાગી છે એટલે

પછી એને બીજા ફોટા લઇ આપ્યા અને તે પણ અપલોડ થયા.

અમીનાએ જોયું કે નવા ફોટામાં લાઇક વધારે મળતી હતી એટલે એ સમજી ગઇ કે ઝેબાનો પ્રોબ્લેમ શું હતો. એટલે ફરી પાછા જયારે એ લોકો ગાર્ડનમાં ફોટા પાડવા ગયા ત્યારે ઝેબાને અમીનાએ સમજાવી, જો બેટા, આ એક રમત છે. નવરાશની રમત છે. અમારા જેવા લોકો, જે આખો દિવસ ઘરે હોય અથવા તો જેમને કામનીવચ્ચે થોડી હળવાશની ક્ષણો મળી રહેતી હોય એ લોકો સતત કંઇક ને કંઇક નવું અપલોડ કરતા રહે છે અને એકબીજાને, એકબીજાની પોસ્ટને લાઇક કરતા રહે છે. તને કદાચ એવું લાગતું હશે કે તું જયારે સુંદર દેખાતી હોય ત્યારે જ તને લાઇક વધારે મળતી હશે, પણ એવું નથી. જયારે લોકો પાસે સમય હોય કે પછી ટાઇમપાસ કરવો પડે ત્યારે એ લોકો આ બધી પ્રવૃત્તિઓ કરતા હોય છે. જેમને સમય નથી મળતો એ લોકો કે પછી જેઓ ફેસબુક પર નથી એ લોકો તને લાઇક ન કરે એનો અર્થ એ નથી કે તું સુંદર નથી, એમને વહાલી નથી. આ બધી રમત છે, જીવન સાથે એમને કોઇ લેવાદેવા નથી, મનોરંજન માત્ર છે, સત્ય નથી.

ઝેબાએ કહયું, સાચી વાત, પહેલાં જયારે મારી ફ્રેન્ડઝના ફોટાને વધારે લાઇકસ મળતી અને મારા ફોટાને ઓછી ત્યારે હું અપસેટ થઇ જતી, પણ હવે મને કોઇ ફરક નથી પડતો.

હા બેટા, મારી અને પપ્પાની હજાર લાઇકસ તો તારા માટે જ છે ને.

ટીનેજમાં અથવા જયારે બાળકના હાથમાં નવોસવો ફોન આવે ત્યારે બાળક સમગ્ર અસ્તિત્વને એની સાથે જોડી દેતું હોય છે. કોઇ પોતાની પોસ્ટ જુએ છે કે નહીં, લાઇક કરે છે કે નહીં, ગમતી વ્યકિતએ લાઇક કર્યું કે નહીં, એ બધી ક્ષુલ્લક બાબતો એમના માટે જીવન મરણના પ્રશ્ન જેવી બની જતી હોય છે ત્યારે મા-બાપે સહેજ પણ ગુસ્સો કર્યા વગર એક સાવચેત મિત્ર બની એમને સહકાર આપવો જોઇએ. બાળકોને મોબાઇલનું વળગણ ના લાગે એનું ધ્યાન રાખવું. ઘણી વખત માતાપિતાના પ્રેશરને કારણે બાળક ડિપ્રેશનમાં આવી જતાં હોય છે, તો આવું કંઇ ન થાય એનું ધ્યાન રાખવું જોઇએ. ■

## વિટામિન B12 ની કમી વાળા લોકો માટે

વિટામિન **B12** ની કમી વાળા લોકો માટે આયુર્વેદિક ઉપચારમાં કેટલાક ભોજન અને આહાર સૂચવવામાં આવ્યા છે, જેની મદદથી આ કમી દૂર કરી શકાય છે:

### આમલા (INDIAN GOOSEBERRY):

- આમલા વિટામિન **B12** ના શોષણમાં મદદરૂપ છે.
- સવારે આમલા જયુસ પીવો અથવા આમલા પાઉડર પાણી સાથે લો.

### અશ્વગંધા:

- અશ્વગંધાના પાઉડરનું સેવન કરવું.
- ઉકાળેલા દૂધમાં અશ્વગંધા પાઉડર મિકસ કરીને પીવું.

### બીટ અને ગાજર:

- બીટ અને ગાજરનું જયુસ પીવું પણ ફાયદાકારક છે.

### મગફળી:

- મગફળીનું સેવન કરવું.
- નાસ્તામાં મગફળી અને ગોળનું સેવન કરી શકાય છે.

## જિંદગીમાં

**માળખું કાચાનું હચમચ થૈ ગયું**
**આશની મ્હેલાત પણ તૂટી ગઇ**
**જિંદગીમાં ભવ્યતા ભરવા જતાં**
**આદમીની જિંદગી ખૂટી ગઇ**

**- દીપક બારડોલીકર**

## બ્લેકબર્ન - યુ.કે. માં સેન્ટ્રલ લાઇબ્રેરી માં ઐતિહાસિક પ્રદર્શન



**બ્લેકબર્ન – યુ.કે. ની સેન્ટ્રલ લાઇબ્રેરીમાં ઓકટોબર અને નવેમ્બર ૨૦૨૫** મહિનામાં એક પ્રદર્શન થયું. એક અનોખું અને પ્રેરણાદાયી પ્રદર્શન લોકપ્રિય બની રહયું છે. લાઇબ્રેરી સહાયક **જનાબ ઇબ્રાહીમ સિદાત સા. (એબી)** દ્વારા રજૂ થયું છે. આ પ્રદર્શન બ્લેકબર્નના ડેઝીફિલ્ડ વિસ્તારના ઐતિહાસિક સફર બ્લેકબર્ન લાઇબ્રેરીમાં જીવંત થઇ, ઉજાગર કરે છે, જેઓએ ૧૯૬૦ અને ૭૦ ના દાયકામાં એશિયન સમુદાયે વસવાટ કર્યો હતો.

આ ડેઝીફિલ્ડ **એકિઝબિશન** જૂના ફોટોગ્રાફસ, અખબારી લેખો અને વ્યકિતગત સંસ્મરણો રજૂ કરાયા છે. તે સમયના એશિયન પરિવારોના સંઘર્ષ, અનુકૂલન અને સફળતાની કથા અહીં સુંદર રીતે રજૂ કરવામાં આવી છે.પ્રદર્શન દર્શાવે છે કે કેવી રીતે નવા વસાહતીઓ એ વિદેશી ભૂમિ પર પોતાનું ઘર, વ્યવસાય અને સમાજ સ્થાપ્યો.

લાઇબ્રેરીના પ્રશંસકોએ એમની સમર્પણ અને સંશોધન માટે વિશેષ પ્રશંસા કરી છે. તેમણે પોતાના વ્યકિતગત સમયમાં આ પ્રદર્શન તૈયાર કરીને બ્લેકબર્નના સ્થાનિક ઇતિહાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે.

### ચાસા ગામ – વિશ્વભરમાં ગુંજતો વારસો

આ પ્રદર્શનનો એક વિશેષ વિભાગ **ચાસા**, (તા.ચીખલી, જી. નવસારી) ગામને અર્પિત હતો, જેમાં ગામના જૂના ફોટા તથા વિશ્વના વિવિધ દેશોમાં વસેલા અને સફળ બનેલા ચાસા વાસીઓની સિદ્ધિ રજૂ કરવામાં આવી હતી. ચાસા ગામના ગૌરવરૂપ વ્યકિતઓમાં નીચેના નામો છે:

(૧) **જ. ઇબ્રાહિમ ઇસ્માઇલ ઇબ્રાહિમ સા.**– દક્ષિણ આફ્રિકાના **ANC** કાર્યકર્તા, નેલ્સન મંડેલાની સાથે ૧૫ વર્ષની જેલ સજા.

(૨) **જ. સૈદુલ રહેમાન મહમ્મદ સા.**– પ્રકાશક, બ્રિકસ કોન્ફરન્સમાં બ્રાઝિલનું પ્રતિનિધિત્વ.

(૩) **હઝરત મુફતી ઇસ્માઇલ ઇબ્ને હાફિઝ ઇબ્રાહિમ મુલ્લા સા.**– ભારતના આદરણીય વિદ્વાન.

(૪) **જ. શોકત આદમ સા.**– સાંસદ, લેસ્ટર સાઉથ, યુ.કે.

(૫) **જ. આદમ જોગી સા.**– સાંસદ, ન્યૂકેસલ અપોન ટાઇન, યુ.કે.

(૬) **જ. ઇસ્માઇલ આદમ પટેલ સા.**– ફ્રેન્ડસ ઓફ અલ–અકસા **(FRIENDS OF AL-AQSA)**, યુ.કે. ના સ્થાપક.

(૭) **જ. મુસા જોગી સા.**– સ્કોટલેન્ડમાં વંશીય સમાનતા પરિષદના ઉપાધ્યક્ષ **(OBE, MBE).**

(૮) **ડો. ગુલામ બહાદુર સા.**– કન્સલ્ટન્ટ કલનિકલ એન્ડ્રોલોજિસ્ટ.

(૯) **જ. ફૈઝલ સિદાત સા.**– મોઝામ્બિક ફુટબોલ ફેડરેશનના અધ્યક્ષ.

(૧૦) **જ. નઝીર જોગી સા.**– ઉધોગપતિ, બ્લેકબર્ન, ય.કે.

(૧૧) **લંબાત પરિવાર**– ઉધોગપતિ, ઝિમ્બાબ્વે, મલાવી.

(૧૨) **કારી ઝિયાદ પટેલ સા.**– કુરાન વાંચન કરનાર અને ચેરિટી ચેમ્પિયન.

(૧૩) **જ. ફૈઝલ હજાત સા.**– સોલિસિટર, **OBE**, યુ.કે.

(૧૪) **જ. ઇબ્રાહિમ ફૂલત સા.**– લેન્કેશાયર ના પ્રથમ સોલિસિટર, એક લો ફર્મમાં ભાગીદાર બનનાર.

(૧૫) **મોહ. નઝમા જસાત સા.**– હેડટીચર લેસ્ટર, યુ.કે.

(૧૬) **જ. ઇસ્માઇલ લંબાત સા.**– સંશોધક અને લેખક માન્ચેસ્ટર, યુ.કે.

આ વિભાગ દર્શાવે છે કે કેવી રીતે એક નાનકડા ગામના લોકો વિશ્વના વિવિધ ખૂણામાં જઇને પોતાનું સ્થાન બનાવી રહયા છે અને પોતાના વતનની ઓળખને જીવંત રાખી રહયા છે. ■

# દેશ-વિદેશના સમાચાર

## ઇટાળવા

**ઇન્તેકાલે પુરમલાલઃ-** યુ.કે. ખાતે ઇલ્યાસ મોહમદ પટેલ નો યુવાન વયે દુઃખદ ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

**પરદેશથી આગમનઃ-** અહમદ યુનુસ પાંડોર એમની અહેલીયા રોકૈયા તથા દુખ્તર સાલેહા સાથે, સુલેમાન અહમદ પટેલ, યુસુફઇસ્માઇલ ખંડ, અબુબકર સુલેમાન પાંડોર યુ.કે.થી તથા સુલેમાન મોહમદશફી ભાણા એમની અહેલીયા સાથે પનામાથી વતનની મુલાકાતે આવ્યા છે.

**ઉમરાહ મુબારકઃ-** ઝકરીયા અ.હૈય ભાણા ફેમિલી સાથે, ઝકરીયા યુનુસ પાંડોર ફેમિલી સાથે, મોલવી ઇસ્માઇલ હાફેજી એમની ફેમિલી તથા વાલેદા સાથે તેમજ મોહમદ શબ્બીરભાઇ મોહમદ ફેમિલી સાથે ઉમરાહ કરી વતન પરત આવ્યા છે.

**પરદેશ ગમનઃ-** અમીન યુસુફ પાંડોર વતનની ટુંકી મુલાકાત લઇ મોઝમ્બીક પરત તથા અશરફ અહમદ પટેલ એમની અહેલીયા હબીબા સાથે યુ.કે. તેમજ પનામાની શુભેચ્છા મુલાકાતે ગયા છે.

## કાપોદરા

**શાદી મંગણીઃ-** ઉસામા મૌલાના ફારૂક કાપડીયાની શાદી હથુરણ મુકામે થઇ છે.

**ખુશ આમદીદ (જન્મ)ઃ-** મહમદ કારી ખાલીદ પટેલ ને ત્યાં છોકરાનો જન્મ થયો છે નામ હમ્માદ રાખ્યું છે.

**ઉમરાહ મુબારકઃ-** આસીફ ઇબ્રાહીમ પાંડોર ફેમિલી સાથે ઉમરાહ કરી વતન પરત આવ્યા છે.

**પરદેશ ગમનઃ-** સાદીકભાઇ હુશેન પટેલ ફેમિલી સાથે અમેરિકા ગયા છે.

## આલુંજ

**શાદી મંગણીઃ-** કેનેડા નિવાસી ઉસામા ઇસ્માઇલ ટોપીયાની શાદી લુવારા મુકામે ઉનૈસા ઉસ્માન અસ્વાત સાથે તથા સના ઇબ્રાહીમ જોગીયાતની શાદી કોસાડ મુકામે યાહયા યુનુસ ભરૂચી સાથે થઇ છે.

**ખુશ આમદીદ (જન્મ)ઃ-** ઝામ્બીયા નિવાસી રીયાઝ સીરાજ નોરાત ને ત્યાં છોકરાનો જન્મ થયો છે.

**પરદેશથી આગમનઃ-** અમીના યાકુબ ટોપીયા તથા ઉસામા ઇસ્માઇલ ટોપીયા કેનેડાથી, રોકૈયા ઉમર નોરાત એમના ફરજંદો સાથે મલાવીથી, રીઝવાન (બાબુ) ઉસ્માન ટોપીયા સા.આફ્રીકા ની તેમજ રોકૈયાબીબી ઐયુબ ટોપીયા પેરીસની શુભેચ્છા મુલાકાત લઇ વતન પરત આવ્યા છે.

## બાટલી - યુ.કે.

**રજુ કર્તા :- જ. મોહંમદભાઇ પાંડોર સા. જીતાલીવાલા**

**ઇન્તેકાલે પુરમલાલઃ-** ઇબ્રાહીમભાઇ બદાત અંભેટા વાળાનો ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

**આગમનઃ-** સુલેમાન ઇબ્રાહીમ કોલા અને ઇસ્માઇલ સુલેમાન કોલા લાજપોર-ખરોડ વાળા સગા-વ્હાલાની મુલાકાત માટે મોરકકો જઇને પરત આવ્યા છે.

**ગમનઃ-** અહમદ ગુલામહુશેન પાંડોર, ઝુબેદા અહમદ પાંડોર અને રશીદા સુલેમાન પાંડોર વતનની મુલાકાત માટે માંગરોલ-ઇન્ડિયા ગયા છે તથા મહમદ અમીન ઇસ્માઇલ દાજી વતનની મુલાકાત માટે આલીપોર-ઇન્ડિયા ગયા છે.

**અન્યઃ-** યુનાઇટેડ ફેમિલીઝ વેલ્ફેર ટ્રસ્ટ મુંબઇના મુસાફર ખાનાની વાર્ષિક મિટીંગ અંકલેશ્વરમાં તા.૧૧-૦૧-૨૦૨૬ ના રોજ થશે. આ મિટીંગમાં હાજરી આપવા પરદેશથી ઘણા લોકો આવે છે.

**ઉમરાહ મુબારક :-** આયશા કારી અસ્લમ ટોપીયા ઉમરાહ કરી વતન પરત આવ્યા છે.

**પરદેશ ગમન :-** તોસીફ કાસમ ટોપીયા એમની અહેલીયા સાથે પેરીસ પરત, અનવર મોહમદહનીફ (બાબુ) બૈયાંત ફેમિલી સાથે બોટસ્વાના પરત, સમીમ કાસમ ટોપીયા મોરીશ્યસની શુભેચ્છા મુલાકાતે તથા સોહેલ યુસુફ લહેરી વતનની ટુંકી મુલાકાત લઇ સા.આફ્રીકા પરત ગયા છે.

## કોસંબા

**ઇન્તેકાલે પુરમલાલ :-** સમદ યુસુફ પટેલ (સમદ મોટા) તથા રસુલબીબી યુસુફ મોતાલા નો ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

**પરદેશથી આગમન :-** ઇલ્યાસ યુસુફ ફેન્સી ફેમિલી સાથે અમેરિકાથી, યાકુબભાઇ કારા ફેમિલી સાથે, મોહંમદ હનીફ ઐયુબ મુલ્લાં (બાબુ મુલ્લાં), ઇશાક ફૈઝલ દાવજી, હાસીમ કાસમ પટેલ યુ.કે.થી, ફાતમા સઇદ પટેલ એમની દુખ્તર સાથે, નફીસા યુસુફ દુધા તથા યુસુફ અહમદ દાવજી કેનેડાથી આવ્યા છે.

**પરદેશ ગમન :-** ડો.અસલમ દરસોત ફેમિલી સાથે અમેરિકા ગયા છે.

**ઉમરાહ મુબારક :-** અબુબકર મોરવાણીયા ફેમિલી સાથે ઉમરાહ કરવા ગયા છે.

## રાંદેર

**શાદી મંગણી :-** મોહંમદ યુસુફ અમીન મોદનની શાદી ફોઝીયાબેગમ ઝીયાઉદ્દીન સૈયદ સાથે તથા આલિયાહ અહમદ પટેલની શાદી અબરાર જાવેદખાન પઠાણ સાથે થઇ છે.

**ખુશ આમદીદ (જન્મ) :-** ઇમરાન યુસુફ ભામ ને ત્યાં છોકરીનો જન્મ નામ મરયમ તથા આદમ સુલેમાન બપોરીયા ને ત્યાં છોકરાનો જન્મ નામ અદનાન રાખ્યું છે.

